માંજલપુર પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચી કર્મચારીઓનો ઉધડો લીધો

સંજયવાડીમાં ત્રીજી વખત જીવંત વીજ વાયર તૂટી પડ્યો : લોકોમાં આક્રોશ

સ્થળ પર આવેલા વીજ કંપનીના કર્મચારીઓને બેસાડી રાખી તીખા પ્રહારો કર્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
માંજલપુર વિસ્તારની સંજય વાડીમાં સતત બીજા દિવસે વીજ થાંભલામાં લાગેલા ઈલેક્ટ્રીક વાયરમાં ધડાકો થતા વીજ વાયર નીચે પડતા સદભાગ્યે મોટી દુર્ઘટના થતા ટળી હતી. ઘટના બાદ વીજ કંપનીના કર્મચારીઓને લોકોએ બેસાડી રાખી જ્યાં સુધી કામ નહીં થાય ત્યાં સુધી બેસી રહોનું ફરમાન આપી વીજ કચેરી ખાતે પહોંચ્યા હતા અને ફરજ પર હાજર કર્મચારીઓનો ઉધડો લીધો હતો. વડોદરા શહેરના માંજલપુર જ્યુપીટર ચાર રસ્તા પાસે બે દિવસ પહેલા રાત્રિ દરમિયાન વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. તેમજ આગના તણખલા નીચે ઝર્યા હતા. મોટા ધડાકા સાથે સ્પાર્ક થતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જો કે આ ઘટના બન્યાના સતત ત્રીજા દિવસે પણ ફરી એક વખત સંજય વાડીમાં

રાત્રી દરમિયાન વીજ વાયરો સળગ્યા હતા અને જીવંત વીજ વાયર તૂટીને નીચે પડ્યો હતો. અવારનવાર બનતી આ ઘટનાને લઈને સ્થાનિક રહીશોમાં પણ ભારે રોષ જોવા મળ્યો છે. માંજલપુર પેટા વિભાગીય કચેરી ખાતે રજૂઆત માટે પહોંચેલા સંજય વાડીના રહીશોએ ફરજ પર હાજર સિક્યુરિટી અને કર્મચારીઓનો ઉધડો લેતા જણાવ્યું હતું કે આ ત્રીજી વખત વાયરો બળ્યા છે, અને આવી ઘટના નગરોમાં જ કેમ થાય છે કેમ સોસાયટીમાં થતી નથી, સોસાયટીઓમાં તો અમારા કરતાં વધારે એસી હોય છે અને નગરોમાં તો થોડાક જ હોય છે. આવા બધા ઘણા સવાલો છે. એની માટે રજૂઆત કરવા આવ્યા છીએ જો કોઈ અધિકારી મળી જાય તો બે હાથ જોડું છું, તમારો આભાર અને ના હોય તો તમે અમને એડ્રેસ આપી દો, અમે એમના ઘરે જઈને આ સવાલ કરીશું. કોઈ માણસ મરી જશે ત્યાર પછી તમે જવાબ આપવા આવશો. આજથી ચાર વર્ષ પહેલાં આજ ઓફિસમાં ફોન તોડ્યો હતો. પોલીસ કેસ કરવા પણ મારી ઉપર પોલીસ કેસ કરવા તૈયાર હતા. એટલે જે કોઈ જવાબદારી લઈ શકે એવા અધિકારી સાથે વાત કરીએ એની કોઈ બાહેધરી અમને મળે તો અમને સંતોષ થાય અમે અમારા સંતોષ માટે આવ્યા હતા. કારણકે આ વસ્તુ આજે થઈ બે દિવસ પહેલા પણ થઈ હતી અને આ ત્રીજી વખત આ ઘટના બની છે ત્રીજી વખત વાયર બદલ્યો છે.

જાંબુવા જકાતનાકા પાસે સોસાયટીમાં પાડોશીઓ વચ્ચે મારામારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
સવિતાબેન રમેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. 10 એપ્રિલ 2026ના રોજ રાત્રે લગભગ 8 થી 8:30 વાગ્યાના સમયગાળા દરમિયાન તેમના ભાઈ પ્રવિણભાઈની બાઈક રસ્તા વચ્ચે મૂકવાના મુદ્દે પાડોશી ભાવેશ રતિલાલ ઠાકોર તથા તેમના પરિવારજનો સાથે બોલાચાલી થઈ હતી. ત્યારે આરોપીઓએ સવિતાબેન પર જાતિ આધારિત અપમાનજનક શબ્દો ભાડી મારપીટ કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ કેસમાં ભાવેશ ઠાકોર, તેમની પત્ની, પિતા રતિલાલભાઈ સહિત અન્ય પરિવારજનોને સમાવેશ થાય બીજી તરફ, સામા પક્ષના ભાવેશભાઈ રતિલાલ ઠાકોરે પણ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, રમેશભાઈના મહેમાને તેમની બાજુમાં બાઈક પાર્ક કરતાં વિવાદ થયો હતો. હથિયારથી હુમલો કર્યો હતો. તેમજ એટ્રોસિટી કેસમાં ફસાવવાની ધમકી આપ્યાનો પણ ઉલ્લેખ કર્યો છે.

ભૂતડીઝાપા મેદાન પાસે બાળ ગોકુલમ નજીકથી ઝડપી પાડ્યો

કારેલીબાગ વિસ્તારમાં મહિલાનો અછોડો તૂટ્યો, આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં એકટીવાની ડ્રાઈવિંગ પ્રેક્ટિસ પૂરી કરીને ચાલતા ઘરે જઈ રહ્યા હતા. પેટ્રોલ પંપ પાસે એકટીવા પર બે ગઠીયા આવ્યા હતા અને મહિલા કઈ સમજે તે પહેલા જ પાછળ બેઠેલા શકશે તેમના ગળામાંથી રૂપિયા 1.05 લાખની સોનાની ચેન આંચકી તોડી લીધી હતી. મહિલાએ બુમરાણ મચાવી હોય લોકો ભેગા થઈ ગયા હતા અને ગઠિયાઓને પકડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ ફરાર થઈ ગયા હતા. હરણી વારસિયા રિંગ રોડ પાસે રહેતા પ્રિયંકાબેન કુમાર ખેમચંદ ચાંગલાની (ઉંમર 30)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, 01 એપ્રિલ 2026ના રોજ સવારે લગભગ 7:15 વાગ્યાના અરસામાં તેઓ એકટીવા શીખવા માટે કારેલીબાગમા આવેલા અડુકયો-દડુકયો ગ્રાઉન્ડ ખાતે ગયા હતા. ડ્રાઈવિંગ પ્રેક્ટિસ પૂરી કરીને તેઓ પગપાળા પરત ફરી રહ્યા હતા ત્યારે ગ્રાઉન્ડની બહાર, એચ.પી. પેટ્રોલપંપ પાસે, એકટીવા પર આવેલા બે અજાણ્યા શખ્સ નજીક આવ્યા હતા. આ દરમિયાન પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાં પહેરેલી અંદાજે 9.410 ગ્રામ વજનની સોનાની ચેઈન આંચકી લીધી અને બંને આરોપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ પ્રિયંકાબેન બુમાબુમ કરતાં આસપાસના લોકો ભેગા થયા હતા અને આરોપીઓને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ હાથમાં આવ્યા નહોતા. ચોરી ગયેલી ચેઈનની અંદાજિત કિંમત રૂપિયા 1.05 લાખ હોવાનું જણાવાયું છે. ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ ને બાતમી મળી હતી કે ભૂતડી જાપા મેદાન પાસે બાળ ગોકુલમ નજીક એક શખ્સ એકટીવા પર સોનાની ચેન વેચી નાખવાની ફિરાકમાં છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે બાતમી મુજબના સ્થળ ઉપર જઈને ફૈઝાન ઉર્ફે પંડિત મહમ્મદ હુસેન શેખ રહે જીશાન રેસીડેન્સી ફતેવાડી ભોજલપુર અમદાવાદ ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ કરતા તેણે બે સાગરીતો સાથે મળીને મુજમહુડા ખાતેના એપાર્ટમેન્ટ ના પાર્કિંગમાંથી મોપેડ ની ચોરી કર્યા બાદ બીજા દિવસે કારેલીબાગ વિસ્તારમાં ચાલતા જઈ રહેલી મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડી લીધી હોવાની કબુલાત કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચે તેની પાસેથી સોનાની ચેન અને મોપેડ મળી 1.35 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અબોલ જીવને સુરક્ષિત બહાર કાઢ્યો

દુમાડ ગામમાં ઊંડી ગટરમાં ખાબકેલી ગાયનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
દુમાડ ગામમાં વહેલી સવારે માનવતા મહેકાવતી એક ઘટના સામે આવી છે. ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલી એક ખુલ્લી અને ઊંડી ગટરમાં રાત્રિના સમયે એક ગાય ખાબકી હતી. અબોલ જીવના જીવ પર જોખમ જોઈને ગ્રામજનો અને સેવાભાવી સંસ્થાએ ભારે જહેમત બાદ ગાયને સુરક્ષિત બહાર કાઢી નવું જીવન આપ્યું હતું. મળતી માહિતી મુજબ, દુમાડ ગામના બસ સ્ટેન્ડ પાસેની ગટરમાં એક ગાય ફસાઈ ગઈ હોવાની જાણ વહેલી સવારે ગ્રામજનોને થઈ હતી. ગાય ગઈકાલ રાતથી જ ગટરમાં પડી હોવાની આશંકા સેવાઈ રહી હતી. ગાયની ગંભીર સ્થિતિ જોઈને ગ્રામજનોએ તાત્કાલિક 'બાપા સીતારામ સેવા ભજન મંડળ'નો સંપર્ક કર્યો હતો. સંસ્થાના અગ્રણી વિષ્ણુભાઈ અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગટર ઊંડી હોવાથી ગાયને હાથેથી

બહાર કાઢવી અશક્ય હતી, જેથી સમયસૂચકતા વાપરી જેસીબી મશીન બોલાવવામાં આવ્યું હતું. મંડળના સભ્યોએ જીવના જોખમે ગટરમાં ઉતરી ગાયને સુરક્ષિત રીતે દોરડા વડે બાંધી હતી અને ત્યારબાદ જેસીબીની મદદથી તેને બહાર કાઢવામાં આવી હતી. આ સફળ રેસ્ક્યુ બાદ બાપા સીતારામ ભજન મંડળના સભ્યોએ પશુપાલકોને આડકતરી ટકોર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "જ્યાં સુધી ગાય દૂધ આપે ત્યાં સુધી તેની સારસંભાળ રાખવામાં આવે છે, પરંતુ ત્યારબાદ તેને રસ્તે રઝળતી છોડી દેવાય છે.

ચાર દિવસ હવામાન સૂકું રહેશે,ગરમીનું તાપમાન 40.4 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
વડોદરામાં ગરમીના પ્રમાણમાં નોંધાપત્ર વધારો થયા બાદ બીજા દિવસે સામાન્ય ઘટાડો નોંધાયો હતો. મંગળવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 59% અને સાંજે 20% નોંધાયું હતું. ખેડૂતોએ તાજેતરમાં જ કમોસમી વરસાદનો માર સહન કર્યા બાદ હવે વધુ એક આગાહીથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ધગધગતા ઉનાળા વચ્ચે જ હવામાન વિભાગે ફરી કમોસમી વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઊંચો રહેવાની શક્યતા છે. જેના કારણે નાગરિકોને અસહ્ય ગરમીનો સામનો કરવો પડી શકે છે.

ઈન્કમટેક્સ રિટર્નના નવા ફોર્મ જાહેર

હવે ITRમાં આપી શકાશે બે મોબાઈલ નંબર-ઈમેલ આઈડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
આવકવેરા વિભાગે નવા ઈન્કમટેક્સ રિટર્ન (ITR) ફોર્મ જાહેર કરીને ટેક્સ ફાઈલિંગ સીઝનનો વિધિવત પ્રારંભ કર્યો છે. આ વખતે વિભાગે કરદાતાઓની સુવિધા માટે ફોર્મમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે, જેમાં સૌથી વધુ રાહત મધ્યમ વર્ગના રોકાણકારોને મળી છે. હવે શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાંથી થતા મર્યાદિત નફા માટે જટિલ ફોર્મ ભરવાની જરૂર રહેશે નહીં. અત્યાર સુધીના નિયમ મુજબ, જો કોઈ કરદાતાને શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાંથી લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન થતો હોય, તો ભલે તે રકમ ગમે તેટલી નાની હોય, તેમણે ફરજિયાતપણે ITR-2 ફોર્મ ભરવું પડતું હતું. ITR-2 ફોર્મ ઘણું લાંબુ અને જટિલ હોય છે. પરંતુ, નવા ફેરફાર મુજબ હવે જો તમારો LTCG નફો 1.25 લાખ સુધીનો હોય, તો તમે તેની વિગતો સીધી ITR-1 સહજમાં જ દર્શાવી શકશો. આનાથી લાખો નાના રોકાણકારોને સીએ ના ચક્કરમાંથી મુક્તિ મળશે અને તેઓ જાતે જ સરળતાથી રિટર્ન ફાઈલ કરી શકશે. કરદાતા અને વિભાગ વચ્ચેના સંવાદને વધુ મજબૂત બનાવવા માટે, નવા ફોર્મમાં હવે બે મોબાઈલ નંબર અને બે ઈમેલ આઈડી આપવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ઘણીવાર ટેક્સપેયર્સનો જૂનો નંબર બંધ થઈ જવાને કારણે મહત્વની નોટિસ કે ઓટીપી મળી શકતા નહોતા. હવે પ્રાઈમરી અને સેકન્ડરી સંપર્ક વિગતો આપવાથી ડેટા વેરિફિકેશન વધુ સુરક્ષિત અને પારદર્શક બનશે.

રિટર્ન ભરનાર વ્યક્તિઓને રાહત મળશે

આવકવેરા વિભાગે નવા ફોર્મમાં પ્રતિનિધિ એટલે કે બીજા વ્યક્તિ વતી રિટર્ન ફાઇલ કરનાર વ્યક્તિ માટેની પ્રક્રિયા વધુ સરળ કરી દીધી છે.જો કોઈ વ્યક્તિ બીજા કોઈ વ્યક્તિ તરફથી ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઇલ કરે છે, તો તેને પ્રતિનિધિ કહેવામાં આવે છે. પહેલાના આઈટીઆર ફોર્મમા પ્રતિનિધિનું નામ, ક્ષમતા, સરનામું અને પેન-આધાર જેવી ઘણી વિગતો માંગવામાં આવતી હતી. જ્યારે નવા ફોર્મમાં પ્રક્રિયાને સરળ બનાવી દેવામાં આવી છે. હવે પ્રતિનિધિએ ફક્ત ૩ જ માહિતી આપવાની રહેશે. જેમાં પ્રતિનિધિનું નામ, ઈમેલ આઈડી અને મોબાઈલ નંબર. આ ફેરફારથી સીએ, ટેક્સ કન્સલ્ટન્ટ અથવા પરિવારના સભ્ય વતી રિટર્ન ભરનાર વ્યક્તિઓને રાહત મળશે. કાગળિયા અને વિગતોની ઝંઝટ ઓછી થવાથી ફાઈલિંગ પ્રક્રિયા વધુ ઝડપી બનશે **સચિન શાહ**,સીએ

એનાલોગ પનીરનું ગેરકાયદેસર વેચાણ મળ્યું નહીં

પનીર ઉત્પાદક પર SOG અને VMCના ફૂડ વિભાગનું ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
વડોદરા શહેરમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ રોકવા અને નાગરિકોના આરોગ્યને સુરક્ષિત રાખવા માટે શહેર એસઓજી અને પાલિકાના ફૂડ વિભાગ દ્વારા સંયુક્ત રીતે પનીર બનાવતી અને વેચતી એજન્સીઓ પર ચેકિંગ હાથ ધરાયું હતું. પરંતુ એનાલોગ પનીરનો ગેરકાયદેસર વેચાણ મળ્યું નહીં, પરંતુ ઉત્પાદકોને નિયમ મુજબ પેકેજિંગ અને લેબલિંગ કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની સૂચના હેઠળ શહેરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લગાવવા અને "નશામુક્ત વડોદરા" અભિયાનને આગળ વધારવા સાથે નાગરિકોના આરોગ્યને ધ્યાનમાં રાખી ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

એસ.ઓ.જી. પીઆઈ બી.ડી. જીતીયાના નેતૃત્વમાં ટીમોએ VMC ફૂડ એન્ડ સેફટી વિભાગના અધિકારીઓ સાથે મળીને શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ કામગીરી હાથ ધરી હતી. તપાસ દરમિયાન સોમા તળાવ વિસ્તાર સ્થિત શ્રી સાંઇનાથ મિલ્ક સપ્લાયર, સરદાર એસ્ટેટ ખાતે તાજ ડેરી તેમજ ગાયત્રી ફૂડ્સ પ્રોવેગન જેવી પનીરનું ઉત્પાદન કરતી એકમોમાં ચકાસણી કરવામાં આવી હતી.

પનીર પર લગાવાતા લેબલ, જેમ કે મિડિયમ ફેટ અને લો ફેટ પનીર અંગેની માહિતી, દૂધના સ્ત્રોત, ઉત્પાદન પ્રક્રિયા તથા હાઈજીન કન્ડીશનની તપાસ કરવામાં આવી હતી. સાથે જ ડેરી એનાલોગ સંબંધિત કાચામાલ, વેચાણ બિલ તથા બોર્ડ અંગેની પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ દરમ્યાન કોઈપણ એકમમાં એનાલોગ પનીરનો ગેરઉલ્લેખ કે ગેરકાયદેસર વેચાણ મળ્યું નહોતું. જોકે, ફૂડ સેફટી વિભાગના અધિકારીઓએ ઉત્પાદકોને પેકેજિંગ પર જરૂરી સૂચનાઓ અને માહિતી સ્પષ્ટ રીતે દર્શાવવા કડક સૂચના આપવામાં આવી હતી.

ઓવર હિટિંગને કારણે શોર્ટ સર્કિટથી આગ લાગતા લોકોના જીવ પડીકે બંધાયા

અલવાનાકા શાક માર્કેટ પાસે આવેલા પ્રોવિઝન સ્ટોરમાં આગ,દંપતીનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
વડોદરા શહેર માંજલપુર અલવાનાકા પાસે આવેલ અમૃત નગરમાં સંતોષ પ્રોવિઝન સ્ટોરમાં આગ લાગતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બનાવને પગલે જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને વૃદ્ધ દંપતિને રેસ્ક્યુ કરવા સાથે આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા શહેરના માંજલપુર અલવાનાકા શાક માર્કેટની પાસે આવેલા અમૃત નગરમાં સંતોષ પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં ગત મોડી રાત્રે આગ લાગતા તંત્રમાં નાસ ભાગ મચી હતી. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જ્યારે આગની લપેટમાં કરિયાણા સહિતનો તમામ સામાન બળીને ખાખ થતાં મોટું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાયુ હતું. ફાયર ઓફિસર નિકુંજ આઝાદે જણાવ્યું હતું કે, માંજલપુર અલવાનકા શાક માર્કેટની બાજુમાં કરિયાણાનો પ્રોવિઝન સ્ટોરની અંદર શોર્ટ સર્કિટને કારણે આગનો કોલ ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસને મળતા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર આવી હતી. સ્થળ પર પહોંચ્યા બાદ અહીંના જે નગરજનો છે. તેમના દ્વારા માહિતી મળી હતી કે, અંદર

ઈન્ટર્નલ શેર કેસ છે. જે દાદા અને દાદી આ પ્રોવિઝન સ્ટોર ચલાવતા હતા, તે લોકો ઉપર જમવા માટે ગયા છે અને ઉપર ફસાયેલા છે. એટલે તાત્કાલિક આપણે સૌ પ્રથમ પહેલા સીડી મારફતે દાદા દાદીને બહાર કાઢ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. કોઈ જાનહાની થઈ નથી. પ્રાથમિક તબક્કે આજે હાલમાં ગરમીની સિઝન છે. એટલે ઓવર હીટિંગના કારણે આ ઘટના બની હોય ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટના કારણે એવું પ્રાથમિક દેખાઈ છે.

ટક્કર બાદ ગાડી પલટી મારી ગઈ

ગોરવા-લક્ષ્મીપુરા રોડ પર કાર અને કચરાની ગાડી વચ્ચે અકસ્માત

ભયાનક અકસ્માતમાં વાહનોનો કુરચો બોલી ગયો, સદનસીબે કોઈ જાનહાની નહીં

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
શહેરના ગોરવા આઈટીઆઈથી લક્ષ્મીપુરા રોડને જોડતા મુખ્ય માર્ગ પર આજે એક ભયાનક અકસ્માતની ઘટના સામે આવી છે. આ માર્ગ પર પૂરઝડપે આવી રહેલી એક ખાનગી કાર અને કોર્પોરેશનની ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે કચરો ઉઠાવતી ગાડી રસ્તા પર જ પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે, રાહતની વાત એ છે કે આટલા મોટા અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી અને લોકોનો આબાદ બચાવ થયો છે. અકસ્માતને કારણે ખાનગી કારના આગળના ભાગે ભારે નુકસાન થયું છે, જ્યારે કચરાની ગાડી પલટી જતાં રોડ પર કચરો વેરાયો હતો અને વાહનને પણ મોટું નુકસાન પહોંચ્યું છે. વચગાળાના રસ્તા પર અકસ્માત સર્જાયો હોવાથી લક્ષ્મીપુરા રોડ પર ભારે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી.

વાહનચાલકો અટવાઈ પડ્યા હતા અને ટ્રાફિકને પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર વાહનોની અવરજવર વધુ હોય છે, ત્યારે પૂરઝડપે દોડતા વાહનો અવારનવાર આવી દુર્ઘટનાઓને આમંત્રણ આપે છે. પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી શકે છે.

મહિલા અને બાળકી ગંભીર રીતે ઘાયલ

મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ગોઝારો અકસ્માત, બાઈક ચાલકનું મોત

રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ ચક્કાજામ કરતા 2-3 કિમી ટ્રાફિક જામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14
વડોદરા નજીક મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે 48 પર સુંદરપુરા પાસે થયેલા ગંભીર અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે. અકસ્માત બાદ સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. જેના પગલે હાઈવે પર બે થી ત્રણ કિલોમીટર સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો. વડોદરા જિલ્લાના સુંદરપુરા પાસે કાર અને બાઈક વચ્ચે ધડાકાભેર ભટકાતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર એક મહિલા અને એક બાળકી ગંભીર રીતે ઘાયલ થયા હતા. બંનેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. લોકોએ મૃતદેહને હાઈવે પર જ રાખીને ચક્કાજામ કર્યો હતો, જેના કારણે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર અંદાજે એક કલાક સુધી વાહન વ્યવહાર ઠપ્પ રહ્યો હતો. ચક્કાજામને કારણે હાઈવે પર 2થી 3 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ અકસ્માત બાદ મૃતદેહ લગભગ 2 કલાક સુધી હાઈવે પર જ પડ્યો રહ્યો હતો. ઘટનાની જાણ થતાં કપુરાઈ પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રાજકીય ગરમાવો રાજકીય પક્ષો માટે 'ફોર્મ પરત' ખેંચાવવું એ જ હવે અગ્નિપરીક્ષા; વડોદરાના રાજકારણમાં પડદા પાછળના ખેલ તેજ

વડોદરામાં ચૂંટણી જંગ જામ્યો : અપક્ષોની 'એન્ટ્રી'થી મુખ્ય પક્ષોના શ્વાસ અધ્ધર, સમીકરણો બગડવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બ્યુગલ વાગતાની સાથે જ રાજકીય ગલિયારાઓમાં ગરમાવો આવી ગયો છે. જોકે, આ વખતે ચૂંટણી માત્ર સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચેની લડાઈ પૂરતી સીમિત નથી રહી, પરંતુ 'અપક્ષ' તરીકે મેદાનમાં ઉતરેલા ઉમેદવારો આકર્ષણનું અને ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.

શહેરના વિવિધ વોર્ડમાં જે રીતે અપક્ષોએ ફોર્મ ભર્યા છે, તેને જોતા રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે અનેક લોકો માટે આ ચૂંટણી જાણે 'કમાવવાની સીઝન' બની ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ફોર્મ ભરનારા અનેક અપક્ષ ઉમેદવારો ખરેખર ચૂંટણી લડવા માટે નહીં, પરંતુ મુખ્ય પક્ષો પાસે પોતાની 'કિંમત' કરાવવા માટે મેદાનમાં ઉતર્યા છે. હાલમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે, ત્યારે આ ઉમેદવારો અત્યારે શાંતિથી ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પતવાની રાહ જોઈ રહ્યા છે. આ ઉમેદવારોની નજર સત્તાધારી પક્ષ અને મુખ્ય વિરોધ પક્ષના નેતાઓ પર છે. તેઓ એવી આશામાં બેઠા છે કે ફોર્મ ચકાસણી બાદ મુખ્ય પક્ષોના નેતાઓ તેમનો સંપર્ક કરશે

અને ફોર્મ પાછું ખેંચવા માટે 'ખાસ સમજાવટ' (સેટિંગ) કરશે. મુખ્ય રાજકીય પક્ષો માટે સૌથી મોટી ચિંતા એ છે કે જો અપક્ષ ઉમેદવાર તેમની જ જ્ઞાતિ કે વિસ્તારનો હશે, તો તે પક્ષના હાર-જીતનો નિર્ણય બદલી શકે છે. ખાસ કરીને જે વોર્ડમાં જીતનું અંતર ઓછું રહેતું હોય છે, ત્યાં અપક્ષ ઉમેદવારો દ્વારા કાપવામાં આવેલા 500 થી 1000 વોટ પણ સત્તાધારી પક્ષના ઉમેદવારનું પત્તું કાપી શકે છે. આથી, મુખ્ય પક્ષના ધુરંધરો અત્યારે ગુપ્ત રીતે એવા અપક્ષોની યાદી બનાવી રહ્યા છે જેમને મેદાનમાંથી હટાવવા અનિવાર્ય છે. શહેરમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે કેટલાક લોકોએ તો માત્ર 'સોદાબાજી' કરવાના ઈરાદે જ ઉમેદવારી પત્ર ભર્યા છે.

આ ઉમેદવારો જાણે છે કે ચૂંટણીના સમયે તેમની અવગણના કરવી કોઈ પણ મોટા પક્ષ માટે જોખમી સાબિત થઈ શકે છે. ફોર્મ પાછું ખેંચવાના છેલ્લા દિવસ સુધીમાં આવા ઉમેદવારોને મનાવવા માટે પદની લાલચ, આર્થિક વ્યવહારો અથવા ભવિષ્યમાં કામો કરી આપવાના વાયદાઓનો દોર ચાલશે. માત્ર તકવાદીઓ જ નહીં, પણ જેમને પક્ષમાંથી ટિકિટ નથી મળી તેવા નારાજ કાર્યકરોએ પણ અપક્ષ તરીકે ઝંપલાવ્યું છે.

આ બળવાખોરો મુખ્ય પક્ષની ઊંઘ હરામ કરી રહ્યા છે. તેઓ પોતે જીતશે કે નહીં તે પ્રશ્ન ગૌણ છે, પણ તેઓ પક્ષને હરાવવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે. સત્તાધારી પક્ષના મોવડી મંડળ માટે આ બળવાખોરોને મનાવવા એ લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ શકે છે. હવે વડોદરાની જનતાની નજર ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ પર છે. ત્યારે જોવાનું એ રહેશે કે કેટલા 'સાચા' ઉમેદવારો મેદાનમાં રહે છે અને કેટલા 'સમજાવટ' બાદ મેદાન છોડીને ઘરે બેસી જાય છે.

અક્ષર ફોરેન એજ્યુકેશન નામની એજન્સીના સંચાલક સામે ગુનો દાખલ

કેનેડાના વર્ક વિઝા બનાવી આપવાના બહાને રૂ.17.09 લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા શહેરમાં વિદેશ મોકલવાના બહાને છેતરપિંડીનો એક ગંભીર બનાવ સામે આવ્યો છે. કેનેડા વિઝા અપાવવાની લાલચ આપી એક એજન્ટે યુવક પાસેથી તબક્કાવાર 17.09 લાખ રૂપિયા પડાવી લીધા બાદ ખોટા દસ્તાવેજો આપ્યા હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર મામલે યુવક દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં રહેતા ભાવીન જંયતીલાલ અંકોલા (ઉંમર 31), જે પાદરા ખાતે એક ફાર્મા કંપનીમાં નોકરી કરે છે, તેમણે વિદેશ જવાની ઈચ્છા ધરાવતા હતા. ફેબ્રુઆરી 2023 દરમિયાન તેમના મિત્ર મારફતે કારેલીબાગ સ્થિત અક્ષર ફોરેન એજ્યુકેશન નામની

એજન્સી સાથે સંપર્ક સાધ્યો હતો. આ એજન્સીના સંચાલક અતિત જિતેન્દ્ર બારોટે કેનેડા માટે વર્ક પરમિટ વિઝા કરાવી આપવાની ખાતરી આપી તેમની પાસેથી રૂપિયા 17.09 લાખમાં કામ કરવાની વાત કરી હતી.

ત્યારબાદ ભાવીન અંકોલાએ તબક્કાવાર રૂપિયાની ચુકવણી શરૂ કરી હતી. તેમણે પ્રથમ 4 ફેબ્રુઆરીના રોજ રૂ. 1 લાખ અને 27 ફેબ્રુઆરીના રોજ રૂ. 2 લાખના ચેક આપ્યા હતા. બાદમાં 29 સપ્ટેમ્બરના રોજ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. 8 લાખ અને ફેબ્રુઆરી 2024 દરમિયાન વિઝા પ્રોસેસ ફી તરીકે રૂ. 1.97 લાખ આરટીજીએસ મારફતે ચૂકવ્યા હતા. આમ મળીને આરોપીને અંદાજે રૂ. 17.97 લાખ આપવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીએ ભાવીનને કેનેડાની CNRL કંપનીનું LMIA લેટર મોકલી વિશ્વાસમાં લીધા હતા. પરંતુ આ લેટર પર શંકા જતા ભાવીને પોતાના ઈમેઈલ દ્વારા કેનેડાની કંપનીને સંપર્ક કરતા એવો કોઈ LMIA લેટર તેઓએ જારી કર્યો નથી અને આપેલા દસ્તાવેજ પણ ખોટો છે. અતીત બારોટે ખોટા દસ્તાવેજો તૈયાર કરી વિદેશ મોકલવાના બહાને રૂપિયા પડાવી લીધા છે.હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.